ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૯ ટકા

# આ દિવાળીએ દાદી-નાનીની રેસીપી ચાલશે

## કોરોના કાળમાં જૂની પ્રથાને યાદ કરી દાદી-નાનીની રેસીપીથી શહેરના ઘરે ઘરે મીઠાઈ બનશે

ગાંધીનગર, તા.૨

દિવાળીનો હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ગૃહિણીઓ ઘરની સાફસફાઈ કર્યા બાદ હવે દીવાળીના નાસ્તા બનાવવામાં લાગી ગઈ છે. આમ તો હજી આઠેક દિવસની વાર છે પરંતુ કોરોનાને કારણે એક સાથે દરેક નાસ્તા બનાવવાની જગ્યાએ દરરોજ એક એક વાનગી બનાવી રહ્યા છે. જેમાં ગળ્યું તો ઘરે જ બનાવવું તેવું શહેરની ગૃહિણીઓનું કહેવું છે. કોરોનાને કારણે ગળ્યું ખાઈને શરદી થવાનો ડર વધુ રહે છે. આ ઉપરાંત ઘારી, બાટ, રાતડા જેવી વાનગીઓ શહેરના મોટાઓ આ વર્ષ બનાવી જૂની યાદોને તાજા પણ કરશે. આ ઉપરાંત હોમમેડ ડ્રાયફ્રુટ મીઠાઈ બનાવવાનો કે બનાવડાવવાનો ટ્રેન્ડ પણ શહેરીજનો ફોલો કરી રહ્યા છે. લાઈવ મીઠાઈ જેમ કે લાપસી, મીઠો ભાત એ તહેવારો દરમિયાન જમવા સાથે બનશે અનો અન્ય મીઠાઈ જેમ કે બાટ, ઘારી, મોહનથાળ, મગજ, ડ્રાયફ્રુટ મીઠાઈ એ બનાવવાની શરૂઆત ગૃહિણીઓએ કરી દીધી છે.



આ વર્ષે કોરોનાને કારણે બહારના નાસ્તા અને મિઠાઈ તરફ શહેરીજનો ઓછું ધ્યાન આપશે તેમ જણાવી રહ્યા છે જેની સામે વર્ષોથી બનતા પરંપરાગત નાસ્તા અને મિઠાઈ બનાવી દાદી અને નાનીની રેસિપીઝ ફોલો કરશે તેમ શહેરની ગૃહિણીઓનું કહેવું છે.

આ ઉપરાંત શહેરના જાણીતા સલાહકાર અને શિક્ષક અને સામાજીક કાર્યકર ડૉ. ચેતના બુચ કે જેઓ દિવાળી કે તહેવારો નિમિત્તે બનતી ખાસ વાનગીઓના જાણકાર હોવા સાથે ઘણી સ્પર્ધાના નિર્ણાયક રહી ચુકયા છે તેમના જણાવ્યા મુજબ મારા દાદી અને નાનીની નાસ્તા અને મિઠાઈની રેસીપી પ્રમાણે અમે આ વર્ષે મીઠાઈ બનાવવાના છીએ. આમ તો દર વર્ષે ઘરે મીઠાઈ બને અને અમુક બહારથી પણ આવે પરંતુ કોરોનાને કારણે આ વર્ષે તમામ મીઠાઈ ઘરે જ બનશે અને અમુક મીઠાઈ તો દરરોજ લાઈવ પણ બનશે. જેમાં પડવાળી મીઠી મઠરી, રજવાડી ખીર, ઘૂઘરા, ઈમરતી, સુવાળી, રાતડા, સાત પડવાળી પુરી, ફાડા લાપસી, ઘારી, મીઠો ભાત, દહીંથરા, બાટ, તલઘારી લાપસી, ચંદ્રકલા જેવી મીઠાઈ તહેવારો દરમિયાન અમારા ઘરે બનશે અને અમુક મીઠાઈ બનવાની શરૂ થઈ ગઈ છે. આવી જ રીતે શહેરના ઘણા ઘરે પણ મીઠાઈ-નાસ્તા બનવાના શરૂ થઈ ગયા છે.

આ ઉપરાંત આ વર્ષે નવો ઓનલાઈન હોમમેડ મીઠાઈનો કોન્સેપ્ટ પણ ટ્રેન્ડમાં છે. જેમાં કોરોના ફ્રી મીઠાઈ ઓર્ડર કરી શકાય છે.

આમ, ઘરે ઘરે દિવાળીની તૈયારીઓ શહેરીજનોએ જોરશોરથી શરૂ કરી દીધી છે.

# શહેરની કોવીડ હોસ્પિટલમાં દર્દીઓને મ્યુઝીક થેરાપી અપાશે

ગાંધીનગર, તા.૨

શહેરની સિવિલમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. છેલ્લા આઠ માસથી કોરોના પોઝીટીવ દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. ત્યારે હોસ્પિટલમાં સારવાર મેળવતો દર્દીનો સ્વભાવ ચિડીયો થઈ જાય છે. ત્યારે કોવીડ દર્દી માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે અને કામ વિનાના વિચારો ન કરે તે માટે સિવિલમાં દર્દીઓને મ્યુઝીક થેરાપી આપવામાં આવશે. સિવિલ તંત્ર દ્વારા તે દિશામાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

મળતી વિગત મુજબ સંગીત કર્ણપ્રિય હોય તો દરેક ઉંમરનો વ્યકિત તે સાંભળે છે. કેટલાક સમયે દિવસ દરમિયાનનો થાક સંગીતને પગલે ઉતરી જતો હોય છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં નાંખવામાં આવેલી સાઉન્ડ સિસ્ટમને પગલે સવાર,સાંજ અને રાત્રે તેમ દિવસમાં ત્રણ વાર પ્રાર્થના વગાડવામાં આવશે. ત્યારબાદ કર્ણ પ્રિય શાંત સંગીત પણ વહેતુ મુકાશે. આ ઉપરાંત દર્દીઓને આપવાની સુચના જેવી કે શ્વાસ ઉંડો લેતા રહેવું, બીન જરુરી ફોન પર વાત ન કરવી, તમારી કિંમતી ચીજવસ્તુનું ધ્યાન રાખો, માસ્ક પહેરી રાખવું. દવા ટાઈમસર લેવી, આ પ્રકારની સુચના પણ આ સાઉન્ડ સિસ્ટમ થકી આપવામાં આવશે. તે ઉપરાંત ડોકટર કે સ્ટાફને આપવામાં આવતી સુચના પણ આ સિસ્ટમ દ્વારા અપાશે.જયારે સિવિલના તબિબિ અધિક્ષક ડો.નિયતીબેન લાખાણીએ જણાવ્યું છે કે ખાસ તો આ સાઉન્ડ સિસ્ટમ થકી દર્દીઓ માનસિક રીતે સ્વસ્થ રહે તે માટે આ પ્રકારે પ્રાર્થના તેમજ કર્ણપ્રિય સંગીત દિવસ દરમિયાન વગાડવાનું નક્કી કરાયુ છે. તે ઉપરાતં નિરાશ થઈ ગયેલા દર્દીઓ માટે ગીતાના અધ્યાય સહિત અન્ય મોટીવેશનલ સ્પીચ પણ સાઉન્ડ સીસ્ટમ દ્વારા વગાડવામાં આવશે.



વરસાદ તો કયારનોય ગયો પરંતુ ચોમાસા દરમિયાન ઠેર ઠેર પડેલા ભૂવાઓ હજુ કયાંક કયાંક જોવા મળી રહ્યા છે. ઘણા સ્થળોએ હજુ તેમને પુરવામાં આવ્યા નથી. ગ-૩ સર્કલ નજીક પડેલા ભૂવાથી વાહનચાલકોને ખાસ્સી તકલીફ પડી રહી છે.

# રાયસણ શાંતિ બોટોનિકા ખાતે સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨

રાયસણ વિસ્તારમાં શાંતિ બોટોનિકા ખાતે આઈપીએલ મેચ પર લાઈવ સટ્ટો રમતા એક શખ્સને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો છે. એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ સ્ટાફ સાથે રવિવારના રોજ સાંજના સમયે રાસણ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે રાયસણ ખાતે મોબાઈલ એપની મદદથી આઈપીએલની ક્રિકેટ મેચ પર શખ્સ સટ્ટો રમાડતો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે શાંતિ બોટોનિકા ફલેટ ખાતે આઈ-૧૦૪ ખાતે રેઈડ પાડી હતી. જેમાં નરેન્દ્ર જયંતિલાલ ચૌહાણ (ઉં.૪૦) ઝડપાયા હતા. પોલીસે શખ્સ પાસે રહેલો ફોન ચેક કરતા એક લીંક પર તે ઓનલાઈન મેચ પર સટ્ટો રમતો હતો. જેના એકાઉન્ટમાં રૂ.૫ લાખની ક્રેડીટ બતાવતી હતી. આઈડી અંગે પોલીસે પુછતા શખ્સે જણાવ્યું કે ચાર મહિના પહેલા મહેસાણાના મિત્ર





ભીખાલાલ પટેલ દ્વારા વોટસએપમાં લીક મોકલી આપી હતી. લીંક સાથે સુપર માસ્ટર આઈડી પણ આપ્યું હતું. જે આરોપીએ પોતાના બીજા મિત્રો માણસાના કલ્પેશ અને બાબુલાલને આપ્યું હતું. જેના પર ત્રણેય ઓનલાઈન મેચ પર સટ્ટો રમતા હતા. જેથી એલસીબીએ ૧૦ હજારની કિંમતનો ફોન અને રોકડા મળી કુલ રૂ.૨૩,૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



નાના બાળકો માટે તેમનો જન્મદિવસ ખૂબ જ ખાસ હોય છે. બર્થ ડે પાર્ટી માટે તેઓ ખૂબ જ ઉત્સાહિત હોય છે અને જાતભાતની તૈયારી કરે છે પરંતુ રાંધેજાની માનસી પટેલે તેનો જન્મદિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. મગોડી ખાતે આવેલા વૃધ્ધાશ્રમના વડીલો સાથે તેણે જન્મદિવસની ઉજવણી કરી અને વડીલોને તેમનું ભાવતું ભોજન કરાવ્યું હતું.

# સોમવારથી પાટનગરની સરકારી કચેરીઓ-બેંકો ફરી ધમધમતી થઈ

## મોટાભાગની કચેરીઓ બેંકોમાં લગભગ સંપૂર્ણ હાજરીના કારણે પીકઅવર્સમાં ટ્રાફિકમાં પણ વધારો જણાયો

ગાંધીનગર, તા.૨

સોમવારથી ફરી એકવાર પાટનગર પુનઃ ધબકતું થઈ જવા પામ્યુ છે. સળંગ ત્રણ રજાઓ પછી આજથી શરૂ થયેલી સરકારી કચેરીઓ તથા બેંકો વગેરેમાં કર્મચારીઓની હાજરી લગભગ સંપૂર્ણ જોવા મળતાં ઓફિસોનું વાતાવરણ જાણે ભર્યું ભર્યું જણાયું હતું. આ સાથે પીકઅવર્સમાં ફરી એકવાર ટ્રાફિકમાં વધારો અનુભવાયો હતો અને બેંકોમાં પણ દિવાળી આવી રહી હોવાથી ભીડ વધેલી જોવા મળી હતી.

શુક્ર, શનિ અને રવિ એમ સળંગ ત્રણ દિવસ બાદ ખુલેલી બેંકોમાં ગ્રાહકોએ ધસારો કર્યો હતો. દિવાળીના તહેવાર ટાણે ત્રણ ત્રણ દિવસની રજાઓના કારણે આજે બેંકોમાં ગ્રાહકો પોતાના નાણાંકીય વ્યવહારો સહિત અન્ય કાર્યો નીપટાવવા પહોંચી ગયા હતા. આજે સરકારી કચેરીઓમાં પણ લગભગ તમામ અધિકારીઓ-કર્મચારીઓની હાજરી જોવા મળી હતી. જેનું કારણ એવું પણ છે કે જે અધિકારી કે કર્મચારી ગુરૂવારથી રજા પર હતા તેઓ જો સોમવારે પણ રજા લે તો તેમની સળંગ પાંચ રજાઓ ગણાઈ જાય તેથી જે પણ અધિકારી કે કર્મચારી રજા પર હતા તે તમામ સોમવારે ફરજ પર હાજર થઈ ગયા હતા અને પાટનગરના સચિવાલયથી માંડીને ભવનો સુધી તમામ સરકારી, અર્ધસરકારી, બોર્ડ, નિગમ વગેરેની કચેરીઓમાં કુલ હાજરી જોવા મળી હતી અને આ કારણે પાટનગરના માર્ગો પર પીકઅવર્સ દરમિયાન ટ્રાફિકમાં પણ ભારે વધારો થયો હોય તેવુ અનુભવાયું હતું. જેના કારણે ટ્રાફિક સિગ્નલ્સ પર રેડલાઈટ દરમિયાન લાંબી લચક લાઈનો જોવા મળી હતી.

# વાસણ મહાદેવ પાસે ફીયાન્સીને મળવા જતા રાંધેજાના યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

રાંધેજા થી માણસાના સમૌ ગામે ફિયાન્સીને મળવા જતા યુવકને વાસણ મહાદેવ નજીક અકસ્માત નડ્યો હતો. અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા યુવક માર્ગ પર પટકાયો હતો. જેથી યુવકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. બનાવ અંગે મૃતકના મોટાભાઈએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ રાંધેજા કૃષ્ણનગર ખાતે રહેતા ૨૫ વર્ષિય યુવક લક્ષ્મણજી મનુજી ઠાકોરની સગાઈ માણસા તાલુકના સમૌ ગામે થઈ હતી. સોમવારના રોજ સાંજના સમયે યુવક બાઈક લઈને ફીયાન્સીને મળવા માટે જઈ રહ્યો હતો. તે સમયે વાસણીયા મહાદેવ મંદિરથી સામાન્ય અંતરે અજાણ્યા વાહને બાઈખને અડફેટે લીધુ હતું. જેથી માર્ગ પર પટકાયેલા યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. બનાવ અંગે પરિવારને જાણ કરવામાં આવતા મૃતક યુવકના પિતા અને બે ભાઈ તાત્કાલીક ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા.જયા માર્ગની બાજુમાં યુવકનો મૃતદેહ પડ્યો હતો.જેમાં યુવકની માથાની ખોપડી અને જમણા પગે પણ ગંભીર ઈજા પહોંચી હતી. મૃતક યુવકની હાલત જોઈને પરિવાર સભ્યોની આંખમાંથી સતત આંસુઓ વહેતા હતા.બનાવ અંગે મૃતકના મોટાભાઈ ગોપાલજી મનુજી ઠાકોરની ફરીયાદને પગલે પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

# જાહેરમાં બેદરકારીપૂર્વક કચરો બાળતી એસએમવીએસ હોસ્પિટલ

## એસએમવીએસ હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ નિયત કરવામાં આવી છે : કચરાના યોગ્ય નિકાલની બેદરકારીથી જાહેર આરોગ્ય પર જોખમ

ગાંધીનગર, તા.૨

એક તરફ કોરોના વાયરસ સંક્રમણ પર નિયંત્રણ સાધી શકાયું નથી અને હજુ પણ કેસોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. બીજી તરફ ગાંધીનગરની એસએમવીએસ હોસ્પિટલ દ્વારા હોસ્પિટલના વેસ્ટને જાહેરમાં બાળવામાં આવી રહ્યો છે જે જાહેર આરોગ્ય માટે જોખમ સાથે હોસ્પિટલની વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ પર સવાલો ખડાં કરી રહ્યું છે. કેમ કે આ હોસ્પિટલને સરકાર દ્વારા કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે મંજુરી આપવામાં આપી છે.

હોસ્પિટલ સરકારી હોય કે ખાનગી પરંતુ તેમાં એકઠાં થતા કચરા અને નકામી ચીજવસ્તુઓના નિકાલ માટે ખાસ ગાઈડલાઈનનો અનુસરવું ખૂબ જરૂરી હોય છે. હોસ્પિટલમાં એકઠો થયેલો કચરો તે પછી મેડીકલ વેસ્ટ હોય કે જનરલ વેસ્ટ પરંતુ જો તેનો યોગ્ય નિકાલ ના થાય તો તે જાહેર આરોગ્ય માટે જોખમી બની શકે છે. ગાંધીનગરના કુડાસણ પાસેના સ્વામિનારાયણ ધામ સંકુલના પાછળના વિસ્તારમાં બનેલી અદ્યતન એસએમવીએસ હોસ્પિટલ દ્વારા હોસ્પિટલના કચરાનો ખુલ્લામાં બાળીને નિકાલ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં આમ પણ હોસ્પિટલ હોય કે અન્ય કોઈ પણ સંસ્થા, કચેરી કે નાગરિકોના ઘરનો કચરો હોય પરંતુ કોઈ પણ પ્રકારનો કચરો જાહેરમાં બાળવા પર પ્રતિબંધ છે જયારે હોસ્પિટલના કચરાનો તો નિકાલ કરવા માટે ખાસ પ્રકારના નિર્દેશોનું પાલન કરવું પડતું હોય છે. એસએમવીએસ હોસ્પિટલને તો કોવિડ-૧૯ હોસ્પિટલ જાહેર કરાઈ છે અને ત્યાં કોરોના પોઝિટીવ દર્દીઓની સારવાર ચાલી રહી છે ત્યારે આ હોસ્પિટલમાં કચરાના નિકાલ માટે ગાઈડલાઈનના સંપૂર્ણ પાલન સાથે તકેદારી લેવી જરૂરી હોય છે પરંતુ હોસ્પિટલના વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ કે સેનેટરી વિભાગ દ્વારા હોસ્પિટલ બિલ્ડીંગની ડાબી તરફની દિવાલે બનાવાયેલ જનરલ વેસ્ટ માટેની સ્ટોરેજ કેબિનની બાજુમાં જ ખુલ્લામાં ટુ વ્હિલર પાર્કિંગની પાછળના ખેતરમાં નાંખીનો બાળી દેવામાં આવે છે જેના કારણે હોસ્પિટલ બિલ્ડીંગની દિવાલ પર કાળા ડિબાંગ નિશાન પણ પડી જવા પામ્યા છે. વળી, આ હોસ્પિટલ કોવિડ-૧૯ હોસ્પિટલ હોવાથી મુલાકાતીઓ-દર્દીઓના સગાંને હોસ્પિટલમાં પ્રવેશ આપવામાં આવતો નથી તેથી તે તમામ મુલાકાતીઓ દર્દીના સગાં વગેરે ટુ વ્હિલર પાર્કિંગ એરિયામાં જ વાહનો પર કે જે કમ્પાઉન્ડ વોલ પાછળ કચરો બાળવામાં આવે છે તેની પર બેસીને રાહ જોતા હોય છે.

### હોસ્પિટલ બિલ્ડીંગને અડીને આવેલા ખેતરની કમ્પાઉન્ડ વૉલ પાછળ કચરો બાળવામાં આવે છે

એસએમવીએસ હોસ્પિટલના બિલ્ડીંગની ડાબી તરફ મુલાકાતીઓના ટુ વ્હિલરનું પાર્કિંગ બનાવાયું છે આ પાર્કિંગની પાછળ એક ખુલ્લું ખેતર છે જેની કમ્પાઉન્ડ વોલ બનાવાયેલી છે. હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા હોસ્પિટલના વેસ્ટને મોટી પ્લાસ્ટિક બેગોમાં ભરીને કમ્પાઉન્ડ વોલની પાછળ નાંખી દેવામાં આવે છે અને પછી ત્યાં જ સળગાવી દેવામાં આવે છે. આ કારણે અહીં સળગેલા વેસ્ટની રાખ પણ મોજુદ છે અને કચરો સળગાવવાના કારણે કાળા ડિબાંગ ધુમાડા સાથે અગ્નિજવાળાઓથી હોસ્પિટલની સાઈડની દીવાલે કાળા નિશાન પણ પડી જવા પામ્યા છે.જાહેરમાં કોઈ પણ કચરો બાળવાથી પર્યાવરણને પણ નુકશાન થાય છે જયારે કોવિડ-૧૯ હોસ્પિટલનો અર્ધ બળીને રહી ગયેલો કચરો અહીં પાર્કિંગમાં બેસી રહેલા મુલાકાતીઓ માટે જોખમી બની શકે છે ત્યારે તંત્ર કેટલી અસરકારતાથી આ બાબતે પગલાં લેશે તે જોવું રહ્યું.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ગોસ્વામી કૈલાસગીરી કેશવગીરી, ઉ.વ. ૬૮, સામેત્રી, તા. દહેગામ
- સ્વ. પટેલ પશાભાઈ ગાંડાભાઈ, ઉ.વ. ૮૫, આલમપુર, તા. ગાંધીનગર
- સ્વ. સૌરભભાઈ શાંતિલાલ શાહ, ઉ.વ. ૭૧, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. લાલાજી બબાજી ઠાકોર, ઉ.વ. ૨૮, રાંધેજા છાપરાં, તા. ગાંધીનગર
- સ્વ. સોમાભાઈ કુબેરભાઈ ચૌધરી, ઉ.વ. ૮૦, આનંદપુરા (વેડા), તા. માણસા
- સ્વ. પરમાર રામજીભાઈ છગનભાઈ, ઉ.વ. ૮૭, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. દરજી નવલબેન રૂપાભાઈ, ઉ.વ. ૬૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. કૈલાસબેન છગાજી મારવાડી, ઉ.વ. ૫૨, સેકટર-૧૩ છાપરાં, ગાંધીનગર
- સ્વ. માધાજી નાથાજી ઠાકોર, ઉ.વ. ૭૫, ઉપેરા, તા. ઉંઝા, મહેસાણા

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. રામાજી બુધાજી ઠાકોર, ઉ.વ. ૬૧, રાયસણ, તા. ગાંધીનગર